# જિલ્લા વહીવટીતંત્ર વધુ એકવાર ખોડંગાયુ...

## આજે ડિઝાસ્ટર મામલતદાર સેવા નિવૃત્ત થયા તો દહેગામ ટી.ડી.ઓ.ને બઢતી મળતાં જગ્યા ખાલી પડી : બે ટી.ડી.ઓ.ની જગ્યા અને અર્ધો ડઝનથી વધુ ડે. કલેક્ટરની જગ્યાઓ ખાલી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાનુ વહીવટીતંત્ર વધુ એકવાર ખોડંગાઈ જવા પામ્યુ છે. જિલ્લા વહીવટીતંત્રમાં ખાલી જગ્યાઓ ભરાતી નથી અને વય નિવૃત્તિ તેમજ બદલીઓના કારણે અધિકારીઓની જગ્યાઓ ખાલી પડે છે. જેની સીધી અસર તંત્રની કામગીરી પર થઈ રહી છે.

જિલ્લામાં આજે ચોમાસુ માથે છે અને ડિઝાસ્ટર મામલતદાર ગોવિંદભાઈ દેસાઈ વય મર્યાદાને લઈ નિવૃત્ત થયા છે.

જિલ્લા કલેક્ટર કચેરીમાં અધિકારીઓની ખાલી જગ્યાઓ છે જેમાં ડે. કલેક્ટર, નાયબ મામલતદાર તેમજ કારકુન અને મહેસુલી તલાટી સંવર્ગમાં જગ્યાઓ ખાલી પડેલી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની જગ્યા પર હુકમો સરકારમાંથી થયા પછી બે માસથી પણ વધુ સમય સુધી આ અધિકારી છુટા થઈને હજુ સુધી હાજર થયા નથી જેને લઈ વિધાનસભાની સામાન્ય ચૂંટણીની તૈયારીઓમાં પણ વિલંબ થતો જોવા મળી રહ્યો છે.

જિલ્લા કલેક્ટર કચેરીમાં ઘણી જગ્યાઓ ચાર્જમાં ચાલે છે જેના અહેવાલો વારંવાર અખબારી પાનાઓ પર ચમકી ચુકયા છે. રાજયના સમગ્ર વહીવટીતંત્ર પર નજર ગાંધીનગરથી રખાય પણ ગાંધીનગરમાં જ ખાલી જગ્યાઓ સરકારના ધ્યાને આવી નથી.

આજે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા વિકાસ અધિકારી કે.કે. ચૌધરીને બઢતી આપી બનાસકાંઠા ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં ગાંધીનગર અને દહેગામ તાલુકા વિકાસ અધિકારીની બે જગ્યાઓ ખાલી થઈ છે.

ગાંધીનગર જિલ્લામાં પંચાયતમાં પણ જગ્યાઓ ખાલી પડી છે. આગામી મહિને ઘણા કર્મચારીઓ અને અધિકારીઓ વય મર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહ્યા છે.

પંચાયતમાં ચોમાસુ માથે હોવા છતાં છેલ્લા દોઢ વર્ષથી મેલેરિયા અધિકારીની જગ્યા ભરવામાં આવી નથી જે ચાર્જમાં ચાલે છે. વાહકજન્ય રોગચાળાની કામગીરી આગામી દિવસોમાં સઘન કરવી પડશે. જો કે પંચાયતના પદાધિકારીઓને ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારમાં રજુઆત કરવામાં ઉણા ઉતર્યા છે તેવી વાતો જિલ્લાની જનતા ખુલ્લેઆમ કરી રહી છે.


### પંચાયત વિભાગમાં ત્રણની બદલી અને ૧૧ને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યના પંચાયત વિભાગે આજે ત્રણ નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની બદલીના હુકમો અને ૧૧ જેટલા તાલુકા વિકાસ અધિકારીઓને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી આપતા હુકમો જારી કર્યા છે.

રાજ્ય સરકારના પંચાયત વિભાગે આજે બઢતીના કરેલા હુકમોમાં દહેગામ તાલુકા વિકાસ અધિકારી કે.કે. ચૌધરીની બદલી નાયબ જિલ્લા વિકાસ અધિકારી બનાસકાંઠા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત માણસાના પૂર્વ તા.વિ. અધિકારી શ્રીમતિ જે.એમ. કાપડિયાને મદદનીશ ગ્રામ વિકાસ કમિશનર તરીકે ગાંધીનગર નિયુક્ત કરવામાં આવ્યા છે.

આજે હારીજ, થરાદ, વિજયનગર ટી.ડી.ઓ.ને પણ બઢતી આપતા હુકમો કરવામાં આવ્યા છે.




શહેર માં ઉનાળા ની કાળઝાળ ગરમીમાં વૃક્ષો ને તરો તાજા રાખવા માટે વન વિભાગ દ્વારા ટેક્રર થી પાણી ની છંટકાવ કરવામાં આવી રહ્યો છે જેથી માર્ગો ની વચ્ચે લીલાછમ વૃક્ષો શોભયમાન બની રહે અને ગાંધીનગર ની લીલોતરી જળવાઈ રહે.

# ગાંધીનગરમાં ગરમીનો મિજાજ ફરી આકરો બન્યો : બે દિવસમાં દોઢ ડીગ્રી તાપમાન વધ્યુ

## આજે મહત્તમ તાપમાન ૪૧. ૫ ડીગ્રી સુધી પહોંચી ગયુ : વાતાવરણ પલ્ટાના અંતે બે દિવસ ગરમીમાં રાહત બાદ નગરજનો ફરી આકરી ગરમીની ગિરફતમાં

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં હજુ પણ ઉનાળો આકરો બની રહ્યો છે. શહેરમાં વાતાવરણ પલ્ટાના અંતે બે ત્રણ દિવસ ગરમીમાં થોડી રાહત અનુભવ્યા બાદ છેલ્લા બે દિવસથી ગરમીનો મિજાજ ફરી ઉગ્ર બન્યો છે. બે દિવસમાં મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી ઉંચકાયુ છે. જયારે ગઈકાલની સાપેક્ષમાં આજે મહત્તમ તાપમાન ૦.૫ ડીગ્રી વધ્યુ હતુ બપોરના સમયે પણ આકરા તાપ અનુભવતા નગરજનો હીટવેવથી પ્રભાવિત થયા હતા જયારે વાતાવરણ પલ્ટાના અંતે આકરી ગરમી સાથે બફારાનુ પ્રમાણ પણ વધ્યુ છે જેના લીધે ગરમીની સિઝન નગરજનોને બેવડી રીતે પ્રભાવિત કરી રહી છે.

ઉનાળાની શરૂઆતથી જ ગરમીનો મિજાજ સતત ઉગ્ર રહ્યો છે. ગરમીની સિઝનમાં માંડ ચાર પાંચ દિવસ એવા રહ્યા હશે કે મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની નીચે રહ્યુ હશે છેલ્લા બે મહીનાથી મોટાભાગના દિવસોમાં ગરમીનો મિજાજ સતત ઉગ્ર રહ્યો છે. મહત્તમ તાપમાન પણ ૪૧ ડીગ્રીની પાર રહ્યુ છે. જેમાં સિઝનની મહત્તમ ગરમી પણ ૪૫ ડીગ્રીને પાર પહોંચી ગઈ હતી ઉનાળાની આકરી ગરમીના દિવસો દરમિયાન અત્યાર સુધી મહત્તમ તાપમાન ત્રણ વાર ૪૪ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ જયારે મેં મહીનામાં શરૂઆતના દિવસોમાં ગરમીનો મિજાજ સાતમા આસમાને રહેતા મહત્તમ તાપમાન ૪૫ .૮ ડીગ્રી સુધી ઉપર જતા છેલ્લા આઠ વર્ષની સૌથી વધુ ગરમી નોંધાઈ હતી.

# મનપામાં એડવાન્સ ટેક્સ ભરી ૫૬ હજાર મિલ્કતધારકોએ લાભ લીધો

## એડવાન્સ મિલ્કતવેરાની આવક રૂ. ૨૬.૫૦ કરોડ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એડવાન્સ ટેક્સ ભરનારને ૧૦ ટકા વળતર આપવાની યોજના ૧૫ દિવસ લંબાવવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં વળતર યોજનાનો લાભ આજની તારીખ સુધીમાં ૫૬ હજાર લોકોએ લીધો છે. મનપાના સૂત્રોના જણાવ્યાનુસાર આજ સુધીમાં એડવાન્સ મિલ્કતવેરાની આવક રૂ. ૨૬.૫૦ કરોડ જેટલી થઈ છે. ગાંધીનગર શહેરની હદ વધારવાના નિર્ણય પછી મિલ્કતોમાં પણ વધારો થયો છે. આ સાથે મિલ્કતવેરાની આવક પણ ૪૫ કરોડથી વધુ અંદાજવામાં આવી હતી.

**૧૫ દિવસની મુદત વધારાને કારણે આ આવક વધશે જો કે કેટલી વધશે તેનો અંદાજ આપવાનું તંત્રના સૂત્રો નકારી રહ્યા છે**

જો કે સર્વેમાં રહેલી ક્ષતિઓને કારણે મનપાને એડવાન્સ ટેક્સની આવક જેટલી થવાનો અંદાજ હતો તેટલી થઈ નથી. મનપાના સૂત્રોનું માનીએ તો ૧૫ દિવસની મુદત વધારાને કારણે આ આવક વધશે જો કે કેટલી વધશે તેનો અંદાજ આપવાનું તંત્રના સૂત્રો નકારી રહ્યા છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ મુદત પૂર્ણ થયા પછી મિલ્કતવેરાની વસુલાતને સઘન બનાવવામાં આવશે અને જરૂર પડ્યે સિલીંગ જેવી કાર્યવાહી પણ કરવામાં આવશે.

# શહેરમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની કામગીરી અનિયમિત

## સેકટરોમાં સ્થિત કચરાપેટીમાંથી પણ નિયમિત કચરો ન ઉઠાવતા કન્ટેઇનરો પાસે જ ઉકરડા અસ્તિત્વમાં આવે છે : સફાઇ કામદારો તેમજ ડ્રાઇવરોને પગાર પણ સમયસર મળતો ન હોવાની ફરિયાદ : વાહનો પણ વારંવાર ખોટવાય છે

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરનો સ્માર્ટ બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ શહેરમાં હજુ પણ રખડતા ઢોર તેમજ સફાઈના મામલે નમુનારૂપ વ્યવસ્થા ગોઠવી શકાઈ નથી જેના લીધે સેકટરોમાં સ્થિત કચરાપેટીઓ જ ઉકરડાનુ કેન્દ્ર સ્થાન બની છે. શહેરમાં સેકટરોમાં ઘરે ઘરે કચરો એકત્રિત કરવાની કામગીરી પણ નિયમિત રીતે ન થતી હોવાની ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. નવા સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી કચરો નિયમિત રીતે એકત્રિત કરવાની વ્યવસ્થા ખાડે ગઈ છે. વાહનો તેમજ મેન પાવર અને પગારના નિયમિત ચુકવણના અભાવ વચ્ચે આ કામ નિયમિત ન થતુ હોવાનો ગણગણાટ પણ સફાઈ કામદારોમાં પ્રબળ બન્યો છે. ત્યારે સેકટરોમાં ઘરે ઘરેથી કચરો ઉઠાવાની કામગીરી યોગ્ય રીતે અને નિયમિત થાય તે માટે પણ સ્થાનિકોએ ઉગ્ર માંગ કરી છે.

ગાંધીનગર શહેરમાં ઘરે ઘરે કચરો એકત્રિત કરવાની યોજના છેલ્લા ઘણાં સમયથી અનિયમિત થઈ ગઈ હોવાની ફરિયાદો સ્થાનિકોના રોષનુ કારણ બની છે. સેકટરોમાં કચરો ઉઘરાવતા વાહનો બે ચાર દિવસ સુધી ડોકાતા નથી જેના લીધે સેકટરવાસીઓ પણ ગમે ત્યાં કચરાના ઢગ કરવા માટે મજબુર બન્યા છે. ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ હાથ ધરાયેલી કચરા એકત્રિકરણની યોજના પણ પુર્ણ રીતે કાર્યરત નથી એકબાજુ સ્વચ્છ ભારતના સંદેશ સાથે નગરને સ્માર્ટ બનાવવા માટે વિકાસ કામો પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ શહેરમાં રખડતા ઢોર અને શેરી સફાઈની વ્યવસ્થા હજુ પણ મજબુત રીતે અમલમાં મુકી શકાઈ નથી. સેકટરોમાં ઘરે ઘરે કચરો ઉપાડવા માટે આવતા વાહનો પણ અનિયમિત થઈ ગયા છે. નવા સેકટરોમાં એક દિવસ કચરાપેટી ઉઠાવીને બે દિવસ સુધી કોઈ ડોકાતુ નથી. જો કે મહાનગરપાલિકાની આ વ્યવસ્થા અન્વયે કચરાના કન્ટેઈનર સાથે ઘરે ઘરે ફરતા ડ્રાઈવરો તેમજ કામદારોને નિયમિત પગાર ન ચુકવાતો હોવાનો રોષ પણ પ્રબળ બની રહ્યો છે. આ ઉપરાંત કચરો એકત્રિત કરવા માટે સેકટરોમાં ફરતા વાહનો પણ જુના અને કન્ડમ હાલતમાં હોવાના લીધે વારંવાર ખોટવાઈ જતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જેના લીધે ઘરે ઘરે થી કચરો એકત્રિત કરવાની કામગીરી પણ અનિયમિત થઈ હોવાનુ મનાઈ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈન પર માટીના થર દુર કરવા રજુઆત

## નગરના ગ અને ખ માર્ગ પર ગટર લાઇનના ઢાંકણો પણ ડામરથી ઢંકાઇ ગયા છે : ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો ભરાવો થતો અટકાવવા માટે ત્વરિત કામ હાથ ધરવા માટે પ્રબળ માંગ

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવા માટે બે વર્ષ અગાઉ કામ હાથ ધરાયુ હતુ જે અન્વયે જે સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન ન હતી ત્યાં પણ નવી લાઈન નાંખવામાં આવી હતી જયારે વરસાદી દિવસોને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા દરવર્ષે ચોમાસા પુર્વે વરસાદી પાણીના નિકાલની લાઈન સાફ કરવામાં આવે છે. જયારે હાલ નગરના ગ અને ખ માર્ગ પર ગટરના ઢાંકણો ડામરથી ઢંકાઈ ગયા છે. પાણીની નવી લાઈન નાંખવા માટે હાથ ધરાયેલી ખોદકામગીરી દરમિયાન પણ ઠેર ઠેર માટીના ઢગના લીધે લાઈનમાં વિશેષ સફાઈ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે વરસાદી દિવસોમાં સેકટરો તેમજ મુખ્યમાર્ગો પર જળબંબાકારની સ્થિતિ ન સર્જાય તે માટે ડામર તેમજ માટીના થર દુર કરી લાઈનની યોગ્ય સફાઈ કરવા માટે તંત્ર સમક્ષ પ્રબળ રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં ચોમાસા દરમિયાન સેકટરોના કોમન પ્લોટમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર કેટલાક પોઈન્ટ પર વરસાદી પાણીનો ભરાવો થાય છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. વરસાદી દિવસોમાં સતત પાણીના ભરાવાના લીધે ખદબદતી ગંદકી વચ્ચે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો પણ રોગચાળાનુ કારણ બને છે. જયારે મુખ્યમાર્ગો પર વરસાદી પાણીના ભરાવાના લીધે માર્ગોનુ અસ્તિત્વ જોખમાય છે એટલુ જ નહીં પરંતુ માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ જોખમી સ્થિતિ સર્જાય છે. વરસાદી દિવસો નજીકમાં છે ત્યારે શહેરના ગ - ૭ થી ગ-૫ સુધીના વિસ્તારમાં પાણીના નિકાલ માટેની ગટર લાઈન પર રોડ બનાવતી વખતે ડામર પડવાના લીધે લાઈન ચોક અપ થઈ ગઈ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જેના લીધે વરસાદમા પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ નથી. જેને ધ્યાનમાં રાખી લાઈનના ઢાંકણ પરથી ડામર દુર કરવા માટે પણ પ્રબળ માંગ કરવામાં આવી છે. સે-૨૪ ના રહીશ મેહુલ પટેલે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ અગાઉ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના મુખ્યમાર્ગોનુ સમારકામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે હાલ પાણીની લાઈન નાંખવાની ખોદકામગીરી દરમિયાન પણ ઘણાં ઠેકાણે માટી નાંખી દેવામાં આવી છે જેના લીધે વરસાદી પાણીનો નિકાલ થઈ શકે તેમ નથી. કેટલાક ઠેકાણે પાણીની લાઈન પર ડામરકામ થઈ ગયુ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તા સેવા નિવૃત્ત થયા

## ગુજરાત સરકારની મહત્વકાંક્ષી યોજના ગણાતી સરદાર સરોવર પ્રોજેક્ટમાં તેમની પાસે જ એમ ડીનો ચાર્જ પણ હતો

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત સરકારના અધિકારીઓમાં છેલ્લા ઘણા વર્ષોથી મહત્વની ભૂમિકા ભજવી રહેલા IAS રાજીવકુમાર ગુપ્તા સેવા નિવૃત થયા છે. ગુપ્તાનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપાઈ દેવાયો છે.ઈન્ડસ્ટ્રીઝ એન્ડ માઈન્સ વિભાગનો ચાર્જ રાજ કુમારને આપવામાં આવ્યો છે જ્યારે હાલ IAS સંદિપ કુમારને સરદાર સરોવરનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.આમતો સરદાર સરોવરનો ચાર્જ જગદીશ પ્રસાદ ગુપ્તાને અપાયો છે પણ તે હાલ રજા પર હોવાથી તે ચાર્જ ત્યાં સુધી IAS સંદિપ કુમારને આપવામાં આવ્યો છે.

સચિવાલયના સૂત્રો પ્રમાણે રાજીવકુમાર ગુપ્તા PM નરેન્દ્ર મોદીની નજીકના અધિકારી માનવામાં આવે છે તેથી ગુજરાતમાં તેમને મહત્વની જવાબદારી મળવાની શક્યતા વધી જાય છે.આ ઉપરાંત જ્યારે પણ PM મોદી કેવડિયા આવે ત્યારે રાજીવકુમાર ગુપ્તા હંમેશા તેમની સાથે જોવા મળતા હોય છે. ગુપ્તા એક એવા અધિકારી છે કે જેઓ એક સમયે ચીફ સેક્રેટરીના દાવેદાર હતા પરંતુ કેન્દ્ર સરકારે તેમની જ બેચના પંકજકુમારને પસંદ કર્યા ત્યારે રાજીવકુમાર ગુપ્તાને ઉદ્યોગ જેવી મહત્વની જવાબદારી સોંપવામાં આવી હતી. આ સાથે તેમને નર્મદા નિગમના MDની પણ જવાબદારી આપી હતી.

# આ સપ્તાહ દરમિયાન રાત્રિના તાપમાનમાં બે ડિગ્રીનો અને ભેજના પ્રમાણમાં વધારો થશે

## ચોમાસુ વહેલુ આવવાની સંભાવનાઓની અટકળો તેજ બની

ગાંધીનગર, તા. ૩૧

જિલ્લામાં ધીમીગતિએ ચોમાસાના આગમનની ઘડીઓ ગણાવવાનો આરંભ થઈ રહ્યો છે. જો કે આજથી ૫ જૂન સુધી જિલ્લામાં ગરમીનો પારો સ્થિર થાય તેમજ રાત્રિના તાપમાનમાં બે ડિગ્રીનો વધારો થશે અને ઉકળાટભર્યુ વાતાવરણ રહેશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૧૮માં જણાવ્યાનુસાર તા. ૧ જૂનથી ૫ જૂન દરમ્યાન આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે. અને વરસાદ પડવાની શક્યતા નથી.

મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૦ થી ૭૧ ટકા વચ્ચે રહેવા સંભાવના છે.

પવનની સરેરાશ ગતિ ૧૭-૨૦ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતા આ બુલેટીનમાં ઉનાળુ પાકોની સમયસર કાપણી કરવી અને કાપણી કર્યા બાદ ૩-૪ દિવસ સૂર્યપ્રકાશમાં સૂકવણી કરવી. મરચી, ટામેટા, રીંગણ જેવા શાકભાજી પાકોની ચોમાસુ ઋતુમાં રોપણી માટે ધરૂવાડિયા તૈયાર કરવાની સલાહ પણ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૭ મે થી ૩૧ મે દરમ્યાન મહત્તમ તાપમાન જિલ્લામાં ૪૧.૫ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સે. નોંધાયુ છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૮ થી ૭૩ ટકા નોંધાયુ છે જ્યારે પવનની ગતિ સરેરાશ ૩ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક નોંધાઈ છે.

આગામી પાંચ દિવસમાં રાત્રિનું તાપમાન બે ડિગ્રી જેટલુ વધશે તેમજ હવામાં ભેજનું પ્રમાણ પણ ૩૦ થી ૭૧ ટકા વચ્ચે રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. આમ બફારો અને ઉકળાટ વધશે. દિવસના તાપમાનમાં પણ કોઈ રાહતના અણસાર મળી રહ્યા નથી.

જિલ્લામાં આમ તો ૨૦ જૂનની આસપાસ વરસાદનું આગમન થતુ હોય છે પણ કેરળમાં જે રીતે વરસાદનું વહેલું આગમન થયું છે તે જોતાં જિલ્લામાં પણ વહેલુ આગમન થઈ શકે છે.

બીજી તરફ ચોમાસાને લઈ લોકોને હાલાકી ના પડે અને વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થાય તે ધ્યાને રાખી તંત્રએ પણ તૈયારીઓ આરંભી દીધી છે.






# કુડાસણ અને ઈન્ફોસીટીમાંથી કોરોનાના એક-એક કેસ મળ્યા

## શહેરમાં કોરોનાના કેસો વધી રહ્યા હોવાથી તંત્રમાં ચિંતા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં એક દિવસના વિરામ બાદ આજે વધુ બે કેસ નોંધાયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં કોરોના કેસોની ગતિ ધીમી ગતિએ વધી રહી હોવાથી તંત્રમાં ચિંતાનો માહોલ વ્યાપી જવા પામ્યો છે. શહેરમાં છુટા છવાયા કેસો મળી રહ્યા છે તેમજ મોટાભાગના કેસોમાં નોંધાયેલા દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી રહી છે તેથી પણ તંત્રમાં ચિંતાનો માહોલ છે.

શાળાઓમાં વેકેશન પૂર્ણ થવાની આડે હવે બે સપ્તાહ જેટલો સમય બચ્યો છે. ઘણા બધા પરિવારો વેકેશનમાં ફરવા ગયા છે તેથી તંત્રને ચિંતા છે. આ ઉપરાંત સંક્રમણ ઘટતાં લોકો કોરોના ગાઈડલાઈનના પાલનને લઈ જે બિફિકરા બન્યા છે તેને લઈ પણ તંત્ર ચિંતીત છે. મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા બન્ને કેસ પુરૂષ દર્દીના છે. આ બન્ને દર્દીમાં કોરોનાના હળવા લક્ષણો જણાતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. છેલ્લા બે માસમાં નોંધાયેલા દર્દીઓમાં કોરોનાના હળવા લક્ષણો દેખાતા હોસ્પિટલાઈઝેશન રેટ નહિવત હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. શહેરમાં આજે એક કેસ કુડાસણ ગામમાંથી અને બીજો કેસ ઈન્ફોસીટી વિસ્તારમાંથી મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે કુડાસણમાં ૩૩ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તે એક સપ્તાહ પહેલાં જ વિદેશથી અહિ આવ્યો છે. તાવ અને અન્ય લક્ષણો જણાતાં કોરોનાનો રિપોર્ટ કઢાવતા તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈન્ફોસીટી વિસ્તારમાં આજે વધુ એક કેસ એન.આઈ.ડી.ના વિદ્યાર્થીનો મળ્યો છે જે સંક્રમિત વિદ્યાર્થીના સંપર્કમાં આવ્યાની વાત છે.

# RTE અંતર્ગત ૨,૧૩૨ વિદ્યાર્થીઓને ત્રીજા રાઉન્ડમાં શાળામાં પ્રવેશ અપાયો

ગાંધીનગર, તા.૩૧

ઈઈ પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૨-૨૩ અંતર્ગત નબળા અને વંચિત જૂથનાં વિદ્યાર્થીઓ ત્રીજા રાઉન્ડ માટે તા.૨૬ થી ૨૮ મેદરમિયાન ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગી યોજવામાં આવી હતી, જે અંતર્ગત વધુ ૨,૧૩૨ વિદ્યાર્થીઓને ઈઈ હેઠળ પ્રવેશ એમ પ્રાથમિક શિક્ષણ નિયામકની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર ઈઈ છઝ્-૨૦૦૯ અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે ચાલુ વર્ષે ઈઈ પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડમાં ૫૮,૩૪૭ તથા બીજા રાઉન્ડમાં ૪,૫૪૮ એમ બંને રાઉન્ડના અંતે એકંદરે કુલ ૬૨,૮૯૫ જેટલાં વિદ્યાર્થીઓએ જે તે શાળાઓમાં રૂબરૂ જઈ પ્રવેશ સુનિશ્ચિત કર્યો છે.

બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી જગ્યાઓ ઉપર વધુને વધુ નબળા તથા વંચિત જૂથના બાળકોને ઈઈ એક્ટ-૨૦૦૯ હેઠળ પ્રવેશનો લાભ મળી રહે તે હેતુથી પ્રથમ અને બીજા રાઉન્ડના અંતે પ્રવેશથી વંચિત રહેલાં અને માન્ય અરજી ધરાવતા ૧,૦૫,૬૪૪ અરજદારોને ત્રીજા રાઉન્ડ પૂર્વે શાળાઓની પુન : પસંદગીની તક તા. ૨૬ થી ૨૮ દરમિયાન આપવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન એકંદરે કુલ ૫૨,૬૮૭ અરજદારોએ શાળાઓની પુનઃ પસંદગી કરેલ જ્યારે બાકીના ૫૨,૯૫૭ અરજદારોએ અગાઉ દર્શાવેલ શાળાઓ યથાવત રાખી હતી.

ઈઈ એક્ટ હેઠળ પ્રવેશ પ્રક્રિયાનો ત્રીજો રાઉન્ડ તા. ૩૧-૦૫-૨૦૨૨, મંગળવારના રોજ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં વધુ ૨,૧૩૨ જેટલાં બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જ્યારે ઉપલબ્ધ જગ્યાઓ પૈકી ત્રીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ અરજદારોની પસંદગીના અભાવે સમગ્ર રાજ્યમાં ૬,૪૯૫ જેટલી જગ્યાઓ ખાલી રહી છે જેમાં ગુજરાતીમાં ૭૨૮, અંગ્રેજીમાં ૪,૪૭૦, હિન્દીમાં ૧,૧૮૯ અને અન્ય માધ્યમમાં ૧૦૮ જગ્યાઓનો સમાવેશ થાય છે તેમ વધુમાં જણાવાયું છે. ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ તા. ૬-૬-૨૦૨૨, સોમવાર સુધીમાં શાળા સમય દરમિયાન રૂબરૂ જઈ જરૂરી આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવવાનો રહેશે.

મહત્વપૂર્ણ છે કે, રાજ્યમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ૯,૯૫૫ જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં જુદાં-જુદાં માધ્યમમાં કુલ ૭૧,૩૯૬ જગ્યાઓ ઈઈ હેઠળ ઉપલબ્ધ હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com